# રે.દિ.મુ.નં.૨૦૧/૧૦

## –:: આંક–૭૪ લગત હુકમ ::–

(૧) આ કામના વાદીએ હાલની અરજી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫ તથા ૬૬ હેઠળ આપી વાદીએ રજુ કરેલ નીશાની–૪૫/૮ વાળા એગ્રીમેન્ટની ઝેરોક્ષ નકલને આંક આપવા માંગણી કરેલ છે. વાદીએ આ અરજી લાવી એવી રજુઆત કરેલ છે કે સવાલવાળુ અસલ એગ્રીમેન્ટ પ્રતિવાદીના કબજામાં હોય તેઓને રજુ કરવા નોટીસ આપતા તે નોટીસ પ્રતિવાદીને મળેલ નહી અને પરત આવેલ છે જે અસલ કવર આ કામમાં વાદીએ રજુ કરેલ છે. આ સંજોગોમાં અસલ દસ્તાવેજ રજુ કરવા વાદીએ નોટીસ આપવા છતાં અસલ કરાર રજુ કરતા ન હોય તેઓની પાસે પડેલ ઝેરોક્ષ નકલને સેકન્ડરી એવીડન્સ ગણી માંગણી મુજબ નીશાની–૪૫/૮ ને આંક આપવા માંગણી કરેલ છે. આ ઉપરાંત આ અરજીમાં વિશેષમાં એવી રજુઆત કરેલ છે કે આ દસ્તાવેજને પુરવાર કરવા વાદીએ આંક–૭૦ થી દિપકકુમાર ચંદુભાઈ પટેલને પણ તપાસેલ છે અને તેઓએ એગ્રીમેન્ટમાં સહીઓ ઓળખી બતાવેલ છે અને અસલ એગ્રીમેન્ટ પ્રતિવાદીના કબજામાં હોવાનુ પણ સોગંદ પર જણાવેલ છે. આ સંજોગોમાં માંગણી મુજબ નીશાની–૪૫/૮ ને આંક આપવા આ અરજી લાવી માંગણી કરેલ છે. વાદી તરફે મુખ્યત્વે અરજી મુજબની જ દલીલ છે.

(૨) આ કામના પ્રતિવાદીએ આ અરજીનો કોઈ લેખીત જવાબ આપેલ નથી. અરજી અન્વયે પ્રતિવાદીના વિ.વ.શ્રી એસ.બી.દોશીની રજુઆતો સાંભળી અને તેઓની રજુઆત મુજબ હાલના વાદીએ દિવાની કાર્યરીતી સંહિતાના ઓર્ડર–૧૧, રુલ–૧૪ નુ પાલન કરેલ નથી અને નોટીસ આપેલ નથી અને કવર પરત આવેલ તેના માટે પણ જરુરી કાર્યવાહી કર્યા વગર માત્ર નોટીસનુ કવર પરત રેકર્ડ પર મુકાવી હાલની જે માંગણી કરેલ છે તે કાયદેસર રીતે મંજુર રાખી શકાય નહી. વાદીએ ગૌણ પુરાવો રજુ કરવા માટેની કોઈ પ્રક્રિયા પુર્ણ કરેલ ન હોય વાદી માંગણી કરે છે તેવા નીશાની–૪૫/૮ ને આંક આપી શકાય નહી.

(૩) આ કામે પક્ષકારોની રજુઆતો વિચારણામાં લીધી. આ ઉપરાંત વાદીએ રજુ કરેલ હાલની અરજીની હકીકતો પણ ધ્યાને લીધી. આ ઉપરાંત આંક–૭૦ થી વાદી તરફે તપાસવામાં આવેલ સાહેદ દિપકકુમાર ચંદુભાઈ પટેલની જુબાની ધ્યાને લીધી અને તેઓએ તેમની સરતપાસમાં નીશાની–૪૫/૮ માં તેઓની પોતાની સાક્ષી નં.૧ તરીકે સહી હોવાનુ અને વાદી, પ્રતિવાદી અને સાહેદે તેઓની રુબરુમાં સહીઓ કરેલ હોવાનુ જણાવેલ છે. આ ઉપરાંત સોગંદ પર અસલ એગ્રીમેન્ટ પ્રતિવાદીના કબજામાં છે તેવુ જણાવેલ છે. આ ઉપરાંત અસલ એગ્રીમેન્ટ રજુ કરવા નોટીસ આપેલ તે કવર પરત આવેલાનુ સોગંદ પર જણાવેલ છે. આ સરતપાસના સંદર્ભે પ્રતિવાદી તરફે કરાયેલ ઉલટતપાસમાં એવી કોઈ વિરુધ્ધની હકીકતો ખુલતી નથી કે વાદી ધ્વારા આ દસ્તાવેજ અસલ રજુ કરવા નોટીસ અપાયેલ નથી. આ ઉપરાંત અસલ એગ્રીમેન્ટ તેઓની પાસે ન હોય તે મતલબનો કોઈ ઈન્કાર કે તેવી કોઈ હકીકતો પ્રતિવાદી આ સાહેદ મારફતે રેકર્ડ પર લાવી શકેલ નથી. આ સંજોગોમાં હાલની અરજી તથા આંક–૭૦ વાળા સાહેદે સરતપાસમાં જે સોગંદ પર હકીકતો જાહેર કરેલ છે અને તે સંદર્ભેની સમગ્ર જુબાની ધ્યાને લેતા એવુ જણાઈ આવે છે કે અસલ એગ્રીમેન્ટ પ્રતિવાદીના કબજામાં હોવાની બાબત મહત્વની રીતે તકરારી નથી અને નોટીસ હાલના વાદીએ આપેલ છે જે પ્રતિવાદીને મળેલ નથી અને કવર પરત આવેલ છે. આ સંજોગોમાં હાલના વાદીએ આ અદાલતના અભિપ્રાય મુજબ ગૌણ પુરાવો રજુ કરવા માટેની મુળભુત જરુરીયતો સંતોષવા પ્રયત્ન કરેલ છે. આ ઉપરાંત નીશાની–૪૫/૮ વાળા દસ્તાવેજ મુજબ અસલ દસ્તાવેજ નથી તેવી પ્રતિવાદીની રજુઆત નથી. આ સંજોગોમાં સમગ્ર રીતે જોતા વાદી યોગ્ય અને વ્યાજબી રીતે અસલ દસ્તાવેજ તેઓના કબજામાં ન હોય અને યોગ્ય મીકેનીકલ કાર્યવાહીથી અસલ મુજબનો દસ્તાવેજ વાદી રજુ કરતા હોય અને તે તકરારી ન હોય ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫ તથા ૬૬ ની જોગવાઈઓ મુજબ આ દસ્તાવેજ કે જે કેસના નિકાલ મટો પ્રસ્તુત દસ્તાવેજ છે તેને આંક આપવો જોઈએ તેવુ નમ્રપણે માનવું છે. આ સંજોગોમાં વાદીની હાલની અરજી મંજુર રાખવા યોગ્ય જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- વાદીની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે અને માંગણી મુજબ નીશાની–૪૫/૮ વાળા દસ્તાવેજને કાયમી દાખલ આંક આપવા આથી હુકમ કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ ૨૮ માહે નવેમ્બર, સને–૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. કલોલ.
તા.૨૮/૧૧/૨૦૧૭

(પરેશ મોહનલાલ સાયાણી)
જીજે૦૦૫૭૫
પ્રિન્સિ. સીની. સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડી. મેજી., કલોલ